ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ભલભલા રાવણોને પણ 'શ્રીરામ' બોલાવી દીધું!*
*ને ચૂપચાપ પારકું ખેતર ભેલાવી લીધું!*
*ડોલાવી દીધું 'લોકશાહી શાસન' પદ ને પૈસાથી -*
*લોહીનું ટીપું રેડ્યા વિના સામ્રાજ્ય ફેલાવી દીધું!*

હાઈકુ

*લાગ જોઈને,*
*મહેબૂબા એ પણ -*
*ઉતાર્યો બૂર્ખો!*
*(ગૂંલાટની તૈયારી)*

*રિસોર્ટ જેલે,*
*કેદ છે લોકશાહી -*
*મુખે મુમતી!*
*(સ્વાતંત્ર્ય પર તરાપ)*

### ચિંતન

*તુષ્ટાનર્થમાનાભ્યાં પૂજ્યેત ।*
*અતુષ્ટાન્ સામ-દામ-ભેદ-દણ્ડૈ: સાધયેત ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

રાજાએ પોતાના પ્રશાસનમાં સતોષવૃત્તિથી કામ કરનાર લોકોને બઢતી, પુરસ્કાર વગેરે આપીને સન્માનિત કરવા જોઈએ તેમજ અસંતુષ્ટ (વિદ્રોહી) લોકોનું સામ, દામ, દંડ, ભેદ જેવી નીતિથી દમન કરવું જોઈએ.

રાજાએ પોતાના પ્રશાસનમાં સંતોષવૃત્તિથી ફરજ અદા કરનાર લોકોને બઢતી, પુરસ્કાર વગેરે આપી સન્માનિત કરવા જોઈએ. જેથી કરીને એમનો કામ કરવાનો ઉત્સાહ ટકી રહે લાંબે વાળે એમનો ઉત્સાહ ઓગળી જશે અને એમના મનમાં રાજા કે રાજય પ્રત્યે કામ કે વેતન પ્રત્યે અસંતોષ પેદા થશે. આવું થતું રોકવા માટે રાજાએ તેમને સન્માનિત કરવા જોઈએ. એ જ રીતે અસંતુષ્ટ જૂથને સામ, દામ, દંડ, ભેદ - ટૂંકમાં, કોઈ પણ રીતે વશમાં રાખવા જોઈએ કારણ કે રાજાના હાથ નીચે કરતા બધા જ અધિકારીઓ રાજાની અંગતમૂડી છે. તેઓ જો શત્રુપક્ષમાં ભળી જાય તો રાજાના રહસ્યો ખુલ્લી પડી જાય. આથી જ રાજાએ બંને પ્રકારના લોકોને બંને પ્રકારના ઉપાયો અજમાવી વસમાં રાખવા જોઈએ.

### સુવિચાર

- જયારે મન ખલેલયુક્ત હોય ત્યારે પદાર્થોની અનેકતા જન્મે છે, પરંતુ મન જયારે જંપી જાય છે ત્યારે પદાર્થોની અનેકતા નષ્ટ થાય છે અને એકતા સિદ્ધ થાય છે - **ઓશો**
- આજે અને કાલે સર્વજનોના કલ્યાણ માટે પાપથી દૂર રહેનારી અને સર્વનું કલ્યાણ કારી બુદ્ધિને અમે પ્રાર્થીએ છીએ - **ઋગ્વેદ**
- હું દઢપણે માનું છું કે પૈસા તમને સુખ ન આપી શકે, સુખ એ આંતરિક તૃષ્ટિ દ્વારા અનુભવાય છે અને એ તમને બાહ્ય સફળતા કે સગવડો દ્વારા નથી મળી શકતું - **કાજલ ઓઝા વૈદ્ય**
- જીવનમાં કાચશા કાતિલ દુ:ખો ને ભેદવા માટે... અચળ શ્રદ્ધા તણી હીરાકણીને હસ્તુ રાખું છું - **ચંદ્રકાન્ત દેસાઈ**
- જિંદગીનો અર્થ શોધવા જશો તો જીવી નહીં શકો એવી જ રીતે સુખનો મતલબ શોધવા કરશો તો કયારેક સુખી નહીં થઈ શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : ગરોડી કરડે તો સરસિયું તેલ અને રાખ મેળવીને ચોપડવાથી ઝેર ઉતરે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

વેપારમાં જેટલું મૂલ્ય નફાનું છે એથી વધુ મૂલ્ય નીતિનું છે. નીતિ વિનાનો નફો તો નર્યું પાપ. એ વેપાર નથી દુરાચાર છે.

દાદાભાઈ નવરોજી પોતાની કારકિર્દીની શરુઆતના વર્ષમાં એક વેપારી પેઠી સાથે ભાગીદારીમાં જોડાયા હતા. દાદાભાઈ વેપાર વધારવા લંડન પહોંચ્યા. વેપારી તરીકેની એમની સુઝ બુઝથી એમને અંગ્રેજ કંપનીને દોરાના રીલ મોકલવાનો ઓર્ડર મળ્યો. સો ગજના દોરાના રીલ બનાવીને આપવાના હતા. ભારતથી માલ લંડન પહોંચ્યો અને દાદાભાઈએ ખાતરી કરવા એક રીલ ખોલી દોરીની લંબાઈ માપી. તો એમાં સોગજને બજલે માત્ર એંસી ગજ લંબાઈનો દોરો હતો. તરત તેમણે ભારતમાં પોતાના કંપનીમાં કાગળ લખી આ વાતની જાણ કરી. દાદાભાઈ પત્રના જવાબમાં ભાગીદારોએ જણાવ્યું કે 'વેપારીમાં આટલી બધી ચોકસાઈ કરવી જરૂર નથી, વેપારમાં નફો જ મહત્ત્વનો છે. તમે દોરાની લંબાઈ તપાશો નહીં, જો સામે વળી અંગ્રેજ કંપની ઓછા દોરાની ફરિયાદ કરશે તો તેમને યોગ્ય વળતર આપી દઈશું, ભારે નફો મળે છે તો ચોખલિયા વેડા છોડો અને વેપારમાં નફો રળી લેવાનું રાખો.'

જવાબમાં દાદાભાઈ નવરોજીએ લખ્યું 'તમારો ખુલાસો મને મંજૂર નથી, નીતિ મહત્ત્વની હોવી જોઈએ. નીતિ મહત્ત્વની હોવી જોઈએ નફો નહીં, મારી ભાગીદારીમાંથી મને છુટો કરજો.'

# બિહારમાં બિનજરૂરી વિવાદ

તંત્રીસ્થાનેથી...

બિહારના એક માત્ર મુસ્લિમ મંત્રી ખુરશીદ અહમદે નીતીશ કુમારના નેતૃત્વવાળી 'નવી' સરકારે વિધાનસભામાં બહુમતી સાબિત કરી તે પ્રસંગે 'જય શ્રી રામ' ના નારા લગાવ્યા એ બાબતે એમના સંકુચિત મૌલવીએ એમની વિરુદ્ધ ફતવો જારી કરી દીધો એટલું જ નહીં. એમની મુસલમાન તરીકેની માન્યતા સુધ્ધાં રદ કરી દીધી. મુફતીએ જારી કરેલ ફતવા પાછળ નીતીશ મંત્રીમંડળના આ મુસ્લિમ મંત્રીએ પોતે રામ અને રહીમ બેઉને પૂજે છે અને દરેક ધર્મસ્થાન સમક્ષ માથું નમાવે છે - એવું લોકપ્રિય નિવેદન કરેલું તે જવાબદાર ઠરાવાયું. મુફતીએ એમને ઈસ્લામની બહાર કર્યા અને એમના નિકાહ પણ રદબાતલ ઠરાવી દીધા. આવા કટ્ટર માનસિકતા ધરાવતા ધર્મગુરુઓ જ મુસલમાનોના સાચા દુશ્મન છે. તેઓ ધર્મગ્રંથોના ઠેકેદાર થઈને બેસી ગયા છે અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ કરતાં પણ મોટી સત્તા ધરાવતા હોય એમ મન ફાવે એવા ચુકાદા સંભળાવી સામાન્ય પ્રજામાં ભય અને આતંકનું વાતાવરણ સર્જતા રહે છે. આખરે બિચાર ખુરશીદ અહમદને મૌલવીની સૂચના મુજબ જાહેર માફી માગવી પડી અને પોતે જ નિવેદન કર્યું હતું તેનું હાર્દ કોમી એકતાનો સંદેશ પહોંચાડવાનું હતું એવી રજૂઆત કરી પોતાને મુસલમાન તરીકે બહિષ્કૃત નહીં કરવા કાકલૂદી કરવી પડી. મુંબઈમાં અબુ આઝમી જેવા મુસ્લિમ નેતાએ ત્યાં સુધી કહી દીધું છે કે હું મરી જઈશ તો પણ 'વંદે માતરમ્' નહીં ગાઉં, ભલે એ ગુના બદલ મને દેશવટો જ કેમ ન આપી દેવાય ! આ બે ઘટનાઓ સામસામા છેડાની છે. બિહારનો મુસ્લિમ નેતા દેશની ગંગાજમની તહેજીબ મુજબ રામ અને રહીમ બેઉનો સરખા ગણવા માગે છે, વિધાનસભામાં મીડિયા સમક્ષ 'જય શ્રી રામ' નો સૂત્રોચ્ચાર કરે છે અને એ બદલ એના કટ્ટર ધર્મગુરુઓ ખોફ વહોરી લે છે. પોતે સાચો મુસલમાન હોવાનું જણાવી પોતાની આવા નિવેદનથી કોઈનો આત્મા દુભાયો હોય તો એની જાહેરમાં માફી માગી લઈ મૌલવીના ફતવારૂપી ફંદામાંથી માંડ માંડ છૂટી શકે છે. પોતે સરકારનો ભાગ હોવા છતાં આવા અક્કલ વગરના ફતવા ધર્મના નામે જાહેર કરનારા મૌલવી વિરુદ્ધ નથી તો કોઈ પગલાં લઈ શકતો કે નથી આવા જુનવાણી ખ્યાલો વિરુદ્ધ ખૂલીને અભિપ્રાય આપી શકતો. બીજી તરફ 'વંદે માતરમ્' માં ભારત માતાને વંદન કરવાની વાત હોવા છતાં અબુ આઝમી જેવા ચુસ્ત મુસલમાનને દેશવટો કબૂલ છે પણ દેશની ધરતી સમક્ષ માથું નમાવવાની એમની તૈયારી નથી. આવી કટ્ટરતાને પાછી ધાર્મિકતા સાથે જોડી દઈ પોતાનો મઝહબ ખુદા સિવાય કોઈના સામે શિર ઝુકાવવાની કે કોઈ અન્યની પૂજા અર્ચના કરવાની મંજૂરી નથી આપતો એવી દલીલ કરાય છે. ભારતના બંધારણમાં દરેક નાગરિકને પોતપોતાની આસ્થા મુજબ વર્તવાનો મૂળભૂત અધિકાર અપાયો છે પરંતુ આવડા મોટા દેશમાં ધર્મ વિશેનાં સંકુચિત અર્થઘટનો કરી ધર્મગુરુઓ પોતાના ધર્માવલંબીઓને જ મોટું નુકશાન કરતા રહ્યા છે, તે કેવી કરુણતા છે! 'જય શ્રી રામ' કહેવાથી કોઈ મુસલમાન મુસલમાન મટી જાય છે એ કેવું? દેશની બહુમતી પ્રજા માટે રામ કે ઈશ્વરનો અવતાર છે. શું એમનો જય જયકાર કરવાથી કે માતૃભૂમિને વંદન કરવાથી ઈસ્લામનું અપમાન થઈ જવાનું છે? ઊલટાના આવાં સંકુચિત અર્થઘટનોને કારણે જ રાષ્ટ્રીય એકતામાં ઊભી તિરાડ પડતી હોય છે, જેનો ગેરલાભ પાડોશી દુશ્મન દેશ ઉઠાવતો રહે છે.

# જગતના આધાર છે, વરદાનોના દાતાર છે શિવ

શ્રાવણ મહિમા
પી.એમ.પરમાર

'એ' - પાર્વતીજીના પ્રેમાળ પતિ છે, કાર્તિકેયજ અને ગણેશજીના પિતા છે, દક્ષ, પ્રજાપતિના એ જમાઈરાજ છે, ભૂતોના એ નાથ છે, યક્ષ-ગાંધર્વ એમના અંગરક્ષક છે, નદીં એમનું વાહન છે, કાચબો પ્રતીક છે, બીજનો ચંદ્ર ભૂષણ છે, ભસ્મ શણગાર છે, વ્યાર્ધચર્મ બેઠક છે, ડમરું દુંદુભિનાદ છે, જટા એમની છટા છે, રુદ્રાક્ષમાળા આરોગ્યની પાઠશાળા છે, ભૈરવ જેમનો વૈભવ છેસ, બિલીપત્ર છત્રછાયા છે, ત્રિનેત્ર ક્રોધાગ્નિ છે, સમુદ્રમંથનમા ઝેરથી જે નીલકંટ છે, શ્રી રામચંદ્ર ભગવાન ઈષ્ટદેવતા છે, જે આદિઅનાદિ છે, જેમના માટે આખો ય શ્રાવસ માસ રિઝર્વ છે, સોમવાર જેને પ્રિય છે, સોમનાથમાં જેમની જાહોજલાલી એવા ભક્તોના ભોળાનાથના ચરણોમાં શીશ ઝુકાવી. નમાવી ચાલો આજે આપણે એક સાથે કરજોડી પ્રાર્થના કરીએ.



ૐ નમ: શિવાય

'એ' - શિવ રૂપે સાકાર છે, લિંગ રૂપે નિરાકાર છે, જગતના આધાર છે, વરદાનોનો દાતાર છે, બ્રહ્માંડના ભરથાર છે, જીવોના કિરતાર છે, રસોનો રસધાર છે, સંગીતના વિશારદ સમ્રાટ છે, નૃત્યના નટરાજ છે એવા દેવોના દેવ મહાદેવ, ભોળાનાથ, શિવ, નીલકંઠ, ભોલે, પિનાકપાણિ, ચંદ્રમૌલિ, આશુતોષ, મહેશ, અર્ધનારીશ્વર, ભૂતનાથ, નટરાજ અમો સૌ આપના ભક્તો આપના ચરણમાં શીશ નમાવી એક પ્રાર્થના શ્રાવણના પવિત્ર દિવસોમાં કરીએ છીએ :

ૐ ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિમ્ પુષ્ટિવર્ધનમ્ :
ઉર્વારુકમિવ બંધનાત્ મૃત્યોર્મુક્ષીવ મામૃતાત્

હે ત્રિલોચન! હે પરમાત્મા! અમારું જીવન સુવાસિત કરનાર; પાલન પોષણ કરનાર એવા આપને અમે ભજીયે છીએ. પાકેલું ચીભડું આપોઆપ ખરી પડે એવું પરિપક્વ આયુષ્ય આપી અમને મૃત્યુના બંધનમાંથી મુક્ત કરી અમરત્વ આપો.

શિવજીનું કાયમી સરનામું હિમાલય છે અને આપણા માટે એમનું હાલનું શ્રાવણ માસનું સરનામું શિવાલય છે. એક બિલીપત્ર, એક લોટી દૂધ, એક દૂધ, શુદ્ધ જળથી પણ એ રીઝી જાય છે, આપણું આ શરીર પચીસ તત્ત્વોનું બનેલું છે તેમ શિવાલય પણ પચીસ પ્રતીકોનું બનેલું છે શિવાલયના દ્વારે પ્રવેશ કરી દર્શન કરી પ્રદક્ષિણા કરી બહાર નીકળીએ ત્યાં સુધી આ પચીસ પ્રતીકો કયાં છે? આપણાને તે શું બોધ આપે છે તેની વિગતો એકદમ સંક્ષિપ્તમાં આ સાથે સાદર છે જેને શક્ય એટલા જીવનમાં ઉતારી સાચા અર્થમાં શિવજીની ઉત્તમ ઉપાસના કરી ધન્યતાનો અનુભવ કરીએ. ૐ નમ: શિવાય. જય ભોળાનાથ...

# સંસ્કૃતથી સંસ્કૃતિ બચશે

વિચારયાત્રા
ડો. જય ઓઝા



UNO અનુસાર દુનિયાભરની ૯૭% ભાષા સંસ્કૃતમાંથી લેવામાં આવ્યા છે, અથવા તેનાથી પ્રભાવિત છે... 'માતર' શબ્દ પરથી Mother, પિત્તર પરથી Father, ભ્રાતર પરથી બ્રધર... ઉદાહરણ મળી આવે... કમ્પ્યુટર દ્વારા ગણિતને હલ કરવા માટે અલગોરિધમની વિધિના શબ્દ સંસ્કૃતમાં બન્યા છે, ન કે અંગ્રેજોમાં.




સંસ્કૃતમાં બીજી કોઈ પણ ભાષા કરતા સૌથી વધુ શબ્દ છે... વર્તમાન સમયમાં સંસ્કૃત શબ્દકોષમાં ૧૦૨ અરબ ૭૮ કરોડ ૫૦ લાખ શબ્દો છે... ચોંકી ગયા ને ! આપણને ખબર જ નથી... અને મજાની વાત એ છે કે આટલા બધા શબ્દ હોવા છતાં બીજી ભાષાઓના મુકાબલે સંસ્કૃતમાં સૌથી ઓછા શબ્દોમાં વાક્ય પુરું થઈ જાય છે.

૧૯૮૭માં ફોર્બ્સ મેગેઝીને સંસ્કૃતને કમ્પ્યુટર સોફટવેર માટે સૌથી ઉત્તમ ભાષા માની હતી...

નાસા અનુસાર સંસ્કૃત ભાષા એ ધરતી પર બોલવામાં આવતી ભાષાઓમાંથી સૌથી સ્પષ્ટ ભાષા છે... અને આ માટે જ સંસ્કૃતને કમ્પ્યુટર પ્રોગ્રામીંગ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

નાસા પાસે ૬૦,૦૦૦ જેટલી મેન્યુસ્ક્રીપ્ટ (હસ્તપ્રતો) છે, જેના પર નાસા રિસર્ચ કરી રહ્યું છે... અને આપણા આંગણે મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબામાં ૨ લાખ જેટલી પાંડુલિપિ અને અલભ્ય ખજાનો પડ્યો છે, પરંતુ આપણને નેતા વિશે જાણ સુદ્ધા નથી... ખભર હશે તો તેનું જરાય મહત્ત્વ નથી.

નાસાના વૈજ્ઞાનિકો દ્વારા જે છઠ્ઠા જનરેશન અને સાતમા જનરેશનના સુપર કમ્પ્યુટર તૈયાર કરવામાં આવી રહ્યા છે... તે સંસ્કૃત ઉપર આધારિત છે... અને ૨૦૩૪ સુધીમાં તૈયાર થવાની શક્યતા છે...

વૈજ્ઞાનિકોએ સાબિત કર્યું છે કે સંસ્કૃત શીખવાથી દિમાગ તેજ થાય છે, અને માટે જ અમેરિકા તથા આયર્લેન્ડની ઘણી બધી શાળાઓમાં સંસ્કૃત ફરજીયાત વિષય તરીકે ભણાવાય છે... તેઓનું માનવું છે કે સંસ્કૃતથી મેમરી પાવર વધે છે...

અમેરિકાની 'ઈન્ટરનેશનલ વૈદિક હિન્દુ યુનિવર્સિટી' પ્રમાણે એકમાત્ર એવી ભાષા છે, જેને બોલવા માટે જીભની બધી જ માંસપેશીઓનો ઉપયોગ થાય છે થાય છે. તેના કારણે શરીરમાં લોહીનું પરિભ્રમણ સરસ રીતે થાય છે.

અત્યારે દુનિયાના ૧૭ દેશોની ઓછામાં ઓછી એક યુનિવર્સિટીમાં સંસ્કૃત ભાષા ભણાવવામાં આવે છે.

લિપિનો આવિષ્કાર સૌપ્રથમ ભારતમાં થયો... બ્રાહ્મી લિપિ વિશ્વને આપણી ભેટ છે... ભારતીય સંસ્કૃત જેટલી પ્રાચીન છે, તેટલી જ બ્રાહ્મી લિપિની ઉંમર છે, તો એમ કહી શકાય કે દુનિયાને સૌ પ્રથમ લખવાનું કોઈને શીખવ્યું હોય તો તે ભારતે...




જર્મનીની એરલાઈન સર્વિસનું નામ છે 'લુફ્ત હંસા' આ શબ્દ 'લુપ્ત હંસ' (ખોવાયેલું પક્ષી હંસ) પરથી બનાવેલો છે.

અને જર્મનીઓ ગર્વથી કહે છે કે જર્મન ભાષાનું વ્યાકરણ સંસ્કૃત વ્યાકરણ પર જ આધારિત છે... જર્મન, ફ્રેંચ, ડચ, પોર્ટુગીસ આ બધી મૂળ ભાષા છે... (અંગ્રેજી નહીં - અંગ્રેજી ખીચડી ભાષા છે... જે બધી ભાષાઓના ઉછીના લીધેલા શબ્દો આધારિત છે) આ બધી ભાષાના મૂળ શબ્દો સંસ્કૃત પરથી આવ્યા છે.

'જેમ્સ જુનિયર સ્કૂલ' લંડનના ટાબરિયાઓ ફરજિયાત સંસ્કૃત શીખે છે, અને આપણે ત્યાં કો'ક ફરજીયાત સંસ્કૃત શીખવાની વાત કરે તો સાંપ્રદાયિક ઈશ્યુ બનાવી દેવામાં આવે છે...

આપણે ત્યાં સરકાર કઈ આવે છે, તેના આધારે સંસ્કૃતની ઉન્નતિ અવનતિ નિર્ધારિત થાય છે, આ બાબત સૌથી વધુ કમનસીબ છે... અત્યાર સુધીના લખાણમાં વિશ્વમાં કયાં કયાં સંસ્કૃત ભાષાને મહત્ત્વ આપવામાં આવ્યું છે તેનું વિતરણ ઈરાદાપૂર્વક આપવામાં આવ્યું છે.

હવે આપણા દેશની વાત જોઈએ તો... આપણે સંસ્કૃતને માત્ર કર્મકાંડની જ ભાષા માની બેઠા છીએ... ફ્રેંચ, જર્મની જેવી ફોરેન લેંગ્વેજના વિકલ્પમાં બિચારી સંસ્કૃત ભાષાનું સ્થાન હોય એટલે વળી આપણે મા-બાપ તરીકે પોરસાતા છોકરાને ફ્રેન્ચ શીખવવા મૂકશું...

આખું વિશ્વ આપણા યોગ અને આયુર્વેદને નતમસ્તક થઈ રહ્યું છે, તે પતંજલિ યોગ સૂત્રો સૂત્રો સંસ્કૃતમાં છે... ગીતાને મહાન ગ્રંથ તરીકે આપણે આદર આપીએ છીએ અથવા દેખાવ ખાતર જાત જાતની ગીતાઓની એડીશન ડ્રોઈંગરુમમાં સજાવી હશે પરંતુ તેના અઢાર અધ્યાયના ૭૦૦ ઉપરાંત શ્લોક કંઈ ભાષામાં છે?

આપણે ત્યાં સંસક્ત યુનિવર્સિટી બનાવવાની માગ કરવામાં આવે તો કહેવાતા બિનસાંપ્રદાયિકોના પેટમાં તેલ રેડાય છે, અને સંકુચિતતામાં ખપાવે છે... માત્ર એક વર્ગ અને ધર્મ સાથે ભાષાને જોડી દઈને ભાષાનું ધનોત-પનોત કરી નાખવાનું કામ અંગ્રેજોએ શરું કર્યું જેને આજે પણ કાળા અંગ્રેજ આગળ ચલાવે છે... બે સપ્તાહથી સંસ્કૃતમય વિચારયાત્રા બનાવવાનું વિશે પ્રયોજન છે એ છે કે આગામી સપ્તાહે રક્ષાબંધનના દિવસને 'સંસ્કૃત દિવસ' તરીકે ૧૯૬૯માં ઘોષિત કરવામાં આવ્યો હતો... અને ત્યારબાદ તે આખા સપ્તાહને 'સંસ્કૃત સપ્તાહ' તરીકે ઉજવવાનું શરુ કર્યું.

હવે સમય આવી ગયો છે કે, સંસ્કૃતને ચોક્કસ વર્ગની કે ધર્મની ભાષા સમજવામાંથી ઊંચા આવીએ... સંસ્કૃત ભાષા પ્રત્યે માત્ર આદર જ નહીં તેના પ્રચાર-પ્રસાર અને ખાસ કરીને સંભાષણ - સંસ્કૃત બોલવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીએ...

આપણા દેશમાં કર્ણાટક, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં આખાને આખા ગામ એવા છે, જયાં માત્ર સંસ્કૃત ભાષા જ બોલાય છે... ડૉ. આંબેડકર તો હિન્દીને રાષ્ટ્રભાષા બનાવ્યા પછી સંવિધાનમાં સંસ્કૃતને 'રાજભાષા' તરીતે પ્રસ્થાપિત કરવા માગતા હતા... પરંતુ કેટલાક અકોણા લોકોની વક્રદષ્ટિ પડતા આ શુભકામ ન થઈ શક્યું...

સંસ્કૃતને શાળાકીય શિક્ષણથી જ રસપ્રદ નબાવીને ભણાવાય તો દરેક બાળક ખંતથી અને ઉત્સાહથી સંસ્કૃત બની જાય, પરંતુ પ્રોપર સંસ્કૃત શિક્ષકો વગરની શાળાઓમાં બીજા ભાષા શિક્ષક જ સંસ્કૃતનું ઉપરછલ્લુ જ્ઞાન આપીને ઈતિશ્રી કરી નાખે છે...

આ માટે બીજા બધા રાજયોની જેમ ગુજરાતમાં પણ 'સંસ્કૃત બોર્ડ'નું નિર્માણ થાય તેવી પહેલ લઈને 'સંસ્કૃત ભારતી' નામક સંસ્થા સરકાર સમક્ષ લોકજુવાળ દ્વારા સંસ્કૃતના મહત્ત્વને ઉજાગર કરવાના યત્ન વર્ષોથી કરી રહી છે... તેના ફળ સ્વરુપે ગત સપ્તાહે ગુજરાત યુનિવર્સિટીમાં તો સંસ્કૃત ભાષાને વિશિષ્ટ રુપથી ભણાવવાની નીતનવીન જાહેરાતો સાંસ્કૃતિક મંત્રીની ઉપસ્થિતિમાં કરી દીધી.... જે આવકારદાયક પગલું છે...

કોઈ પણ વસ્તુનું ઉત્પાદન તો જ વધે જો, તેની માંગ વધે.. માટે સંસ્કૃતની માંગ, તેનો બોલચાલમાં ઉપયોગ તેને વ્યવહારમાં લાવવાની જીદ આપણે એવી બનાવી દઈએ કે તેના વિકાસ માટેનો માર્ગ સ્વયં પ્રશસ્ત થઈ જાય...

ગત સપ્તાહનો લેખ વાંચીને એક મિત્રએ મસ્ત ગુગલી મારી કે - જો એક મહિના માટે ફેસબુક અને વ્હોટ્સઅપ પરના બધા જ મેસેજ અને પોસ્ટની ભાષા ફરજીયાત સંસ્કૃત કરી દેવામાં આવે તો, બધાને માત્ર ૧૫ જ દિવસમાં સંસ્કૃત ફરજીયાત આવડી જશે... લાયો હો યાર! વિચારવા જેવું ખરું કે નહીં !!

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# પ્રેમિકા સાથે ઝઘડો થયો છે તો તેની માફી માગી લઈશ

અદબ-પલાંઠી
મોં પર આંગળી
ડો. સંતોષ દેવકર



કોચ: ''જો તમારી પાસે માત્ર પંદર જ મિનીટ હોય તો તમે પહેલું કામ કયુ કરશો ?''

તે દિવસે કોચે સવાલ કર્યો હતો. ફૂટબોલના ગ્રાઉન્ડમાં બધાંજ ખેલાડીઓ સાથે કોચ ઊભા હતા. ખેલાડીઓને સૂચના આપતાં હતાં. તેમની ખામીઓ અને ખૂબીઓ તરફ ધ્યાન દોરતાં હતા. જરૂરી માર્ગદર્શન આપતા હતા. કોચે અચાનક સવાલ કરતાં ખેલાડીઓ આશ્ચર્યમાં પડી ગયા. સૌ એક બીજાના મોઢા જોવા લાગ્યા.

કોચનો સવાલ હતો : ''જો તમારી પાસે માત્ર પંદર જ મિનીટ હોય તો તમે પહેલું કામ કયુ કરશો ? ''સૌ મૂંઝવણમાં પડી ગયા. ફૂટબોલનું મેદાન ને કોચનો પ્રશ્ન.ખેલાડીઓએ જાત જાતના જવાબો આપવા માંડયા.

એકે કહ્યું, ''સર, હું તો ભગવાનને પ્રાર્થના કરી કહી દઈશ કે મેં કોઈ પાપ કર્યા હોય તો મને માફ કરે.''

બીજા એક ખેલાડીએ એવું કહયું કે, ''હું તો મારી મમ્મીને ફોન કરીને એની સાથે વાત કરીશ.''

ત્રીજાએ કહયું કે, ''સર, છેલ્લે વળી બીજું શું કરવાનું હોય ? જીસસ ક્રાઈસ્ટને પ્રાર્થના કરીશ.''

એક ખેલાડીએ કહયું કે ''મારી પ્રેમિકા સાથે આજે સવારે જ ઝઘડો થયો છે તેની માફી માગીને તેને આઈ લવ યુ કહીને મારો પ્રેમ વ્યકત કરીશ.''જવાબો આવતા ગયા અને સાહેબ માથું ધુણાવતાં ગયા.

છેલ્લે કોચે બધાને સંબોધીને કહયું, ''તમે અહીં ફૂટબોલના મેદાનમાં છો. તમારે ગોલ કરવાનો પ્રયત્ન કરવાનો છે. જીવનની અંતિમ પળ સુધી.''

'આરંભે શુરા' લોકોનો આપણે ત્યાં તોટો નથી. પરિણામે કેટલાક માત્ર આરંભ જ હોય છે અંત હોતો જ નથી. નકકી કરેલ કાર્યને નિષ્ઠાપૂર્વક, નિયત સમયમાં પૂરું કરવું એ જેવા તેવાનું કામ નથી. નિશ્ચિત સમયમાં ધાર્યું કામ પાર પાડવું એ સફળ લોકોની નિશાની છે. સમય પર ન લેવાયેલો નિર્ણય સાચો હોવા છતાં નીરર્થક નીવડે છે. ''વકત કી કેદ મેં જિંદગી હૈ મગર, ચંદ ઘડિયાં યહી હૈ જો આઝાદ હૈ'' (આબિદા)

મનુષ્ય જીવન જૂજ વર્ષોનું બનેલું છે. કોની ગાડી કયારે ઉપડી જશે તેનું કંઈ ઠેકાણું નથી. છેલ્લા સ્ટેશન ની રાહ જોનારાઓને ક્યારેક અધવચ્ચે જ ઉતરી જવુ પડે છે અને ઘણા અગત્યનાકાર્યો કરવાના બાકી રહી જતાં હોય છે. ગંગાસતીએ વર્ષો પહેલાં પાનબાઈના કાનમાં ફૂંક મારી આપેલી. એ ફૂંકના શબ્દો હતા. ''વીજળીને ચમકારે મોતીડા પરોવો પાનબાઈ નહિ તો અચાનક અંધાર થાશે હો ..જી.''

ભગવદ્ ગીતાના સત્તરમા અધ્યાયમાં ભગવાન કહે છે કે, તારામાં જે કાંઈ શ્રેષ્ઠ છે તે તું મને આપ 'સ્વકર્મણામ તમભ્યંચ'-તો એ પણ તારી ભક્તિ જ છે. નિશ્ચિત સમયમાં ઉત્તમ રીતે કાર્ય પૂરું કરવું એ ભગવદ્ગીતાને અને પ્રભુને માન્ય છે.

વીજળીના ચમકારા જેટલો સમય મળ્યો છે તેનો માત્ર ઉપયોગ નહિ પણ શ્રેષ્ઠતમ અને મહત્તમઉપયોગ કરી જાણે તે સબસે બડા ખેલાડી છે. જીવનની અંતિમ પળ સુધી નકકી કરેલા કાર્યને પૂરું કરવા મથવાનું છે. શ્રેષ્ઠતા માટે મથનારાઓ સમાજને શ્રેષ્ઠ જ આપે છે. શ્રેષ્ઠ કરતાં બે દોરા પણ ઉતરતી કક્ષાનું તેમને પાલવે તેમ નથી. તેમની આ જીદ તેમને સફળતાની ટોચે લઈ જાય છે.

ખેલાડીઓ સામે એક જ ધ્યેય છે ફુટબોલને મેદાનના સામે કિનારે લઈ જવું અને તે પણ નિશ્ચિત સમયમાં. તે માટે જરૂરી છે: ટીમવર્ક, ક્ષણનો સમુચિત ઉપયોગ અને જનૂન.

**મિસરી**

**"The Trouble is,
You think
You have Time."**

(ભગવાન બુદ્ધ)